GJJM110001002026

**( નમુનો :–અ )**

| **કાલાવડના મ્હે. જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ કાલાવડ** |
|---|
| **ચુકાદાની તારીખ – ૨૪/૦૮/૨૦૨૬** |
| **ફોજદારી કેસ નં. ૭૮/૨૦૨૬** |
| **ગુનાની વિગત** |

| | |
|---|---|
| ગુનાની કલમ | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ–૬૫(એફ) |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુ.રા.નં. ૫૨૦/૨૫ |
| પોલીસ સ્ટેશન | કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | સરકારશ્રી |
| રજુઆત કારીયા | વિ.એ.પી.પી.શ્રી ડી.ડી.કારીયા |
| આરોપીપક્ષ | (૧) રતનબેન વા.ઓ. દલપતભાઇ વાઘેલા ઉ.વ.૪૦, ધંધો ઘરકામ, રહે.ખંઢેરા ગામ, તા.કાલાવડ જી.જામનગર |
| રજુઆત | આરોપીપક્ષે વિ.વ.શ્રી.એમ.એચ.જુણેજા |

**( નમુનો :–બ )**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૪/૦૬/૨૦૨૫ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૧૪/૦૬/૨૦૨૫ |
| અહેવાલની તારીખ | ૨૩/૦૧/૨૦૨૬ |
| ચાર્જફ્રેમની તારીખ | ૨૫/૦૨/૨૦૨૬ |
| ચુકાદા રાખવા માટેની તારીખ | ૨૪/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૪/૦૮/૨૦૨૬ |
| સજા કરી હોય તેની તારીખ | – |

## ::આરોપીની વિગત::

| આરોપીનુ નામ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છોડયાની તારીખ | ગુનો/તહોમત | તકસીરવાન/ નિર્દોષ | સજા | સી.આર.પી.સી ૪૨૮ માટે કસ્ટીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રતનબેન વા.ઓ. દલપતભાઇ વાઘેલા | ૧૪/૦૬/૨૦૨૫ | ૧૪/૦૬/૨૦૨૫ | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ-૬૫(એફ) | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | |

## -: ઠરાવ:-

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૪/૦૬/૨૦૨૫ ના રોજ કલાક ૧૧:૩૦ વાગે મોજે ખંઢેરા ગામે દેવી પુજક વાસમાં રહેણાક મકાને ખુલ્લા ફળીયામાં દેશી દારૂ બનાવવાના કાચો આથો લી.૧૦ કી.રૂ. ૨૫૦/- પાસ પરમીટ વગરનો પોતાના કબજામાં રાખી પકડાઈ જઈ ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એફ) મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૨) ફરિયાદ હકીકત મુજબ આરોપી વિરૂદ્ધ કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન પ્રોહીબીશન ગુના રજીસ્ટર નં.પ૨૦/૨૫ થી ગુનો રજીસ્ટર થતાં, ત.ક.અ.શ્રીએ તપાસ પૂર્ણ થતાં અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. ગુનાના કામે સમન્સની ધોરણસર બજવણી થતાં આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ. સબબ આરોપી વિરૂદ્ધ ગુનાનું સંજ્ઞાન લઈ **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૬૩** અન્વયે આરોપી વિરૂદ્ધ આંક-૦૩ થી તહોમતનામું ફરમાવી તેમનો આંક-૦૪ થી જવાબ નોંધેલો. જેમાં આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે અને

આરોપીએ પોતાના વિરૂદ્ધ ફરમાવેલ તહોમતનો ઈન્કાર કરતાં કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર કરવામાં આવ્યું હતું.

(૩) ફરિયાદ પક્ષે કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવા રજૂ કર્યા છે.

| **અનુ. ક** | **આંક** | **નામ** |
|---|---|---|
| ૧ | ૦૮ | ત.ક.અ મહેશભાઇ મોહનભાઇ ચાવડા ની જુબની |
| ૨ | ૦૯ | ફરીયાદી રાજદીપસિંહ કીશોરસિંહ જાડેજાની જુબાની |
| ૩ | ૧૦ | ફરીયાદ |
| ૪ | ૧૧ | પંચ સાહેદ પ્રદીપભાઇ મહેશભાઇ કોટડીયાની જુબાની |
| ૫ | ૧૨ | રેઇડ અંગેનુ પંચનામુ |

ઉપરોક્ત રજૂ પુરાવા સબબ આરોપીનું **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૩૫૧** હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ સોગંદ ઉપર જુબાની આપવાનો, બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કર્યો હતો અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને તેમના ઉપર ખોટો કેસ કરેલો હોવાનું જણાવ્યું છે.

(૪) પ્રસ્તુત કામે **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૨** મુજબ પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળવામાં આવી છે. સરકાર તરફે **વિ.એ.પી.પી.શ્રી ડી.ડી.કારીયા** દલીલ કરી છે કે, આરોપીએ પોતાના આર્થિક ફાયદા સારૂ ગેરકાયદેસર રીતે, પાસ પરમીટ નહીં હોવા છતાં દારૂ ઉત્પાદન માટેની વસ્તુઓ, યંત્ર, ઓજારો, સાધનો, વોશ પોતાના કબજામાં રાખેલ હોઈ, સમાજમાં ઉદાહરણ રૂપ દાખલો બેસે તેવી સજા કરવા ભારપૂર્વક દલીલ કરી છે. જ્યારે આરોપી પક્ષ તરફે **વિ.વ.શ્રી એમ.એચ.જુણેજા** દલીલ કરી છે કે આ કામે પંચોને સમજ આપતુ પ્રાથમિક પંચનામું કર્યું હોવાનું રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. પંચોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી, જેથી પંચનામું પુરવાર થયું નથી. ફરિયાદ પક્ષનો કેસ નિઃશંકપણે પુરવાર થતો નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા જોઈએ.

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૩૯૩ (૧) (બી) મુજબ મુદ્દાઓ, નિર્ણયો અને કારણો

(૫) રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને રાખતા આ કામે કેસનો ન્યાય નિર્ણય થવા સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

1. શું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૪/૦૬/૨૦૨૫ ના રોજ કલાક ૧૧:૩૦ વાગે મોજે ખંઢેરા ગામે દેવી પુજક વાસમાં રહેણાક મકાને ખુલ્લા ફળીયામાં દેશી દારૂ બનાવવાના કાચો આથો લી.૧૦ કી.રૂ. ૨૫૦/- પાસ પરમીટ વગરનો પોતાના કબજામાં રાખી પકડાઈ જઈ ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એફ) નો ગુનો આ કોર્ટની હકુમતમાં કર્યો છે?
2. શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ સંદર્ભે નીચે મુજબ નિર્ણય આપવામાં આવે છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ

**કારણો**

**મુદ્દા નં.૧ અન્વયે :**

(૭) ફરીયાદ પક્ષે આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર કરવા માટે સૌ પ્રથમ અફીણ સિવાયના કેફી પદાર્થ ઉત્પાદન કરવાના હેતુથી કોઈ વસ્તુ, અર્ક કાઢવાનું યંત્ર, વાસણો, ઓજારો અથવા સાધનો આરોપી વાપરતા હતા કે પોતાના કબજામાં રાખતા હતા કે ધરાવતા હતા તેવું પુરવાર કરવું પડે. જો ફરીયાદ પક્ષના પુરાવામાં શંકા ઉદ્ભવતી ન હોય અને પુરાવો એક અતૂટ સાંકળની જેમ તેની દરેક કડીઓ એકબીજાને સાંકળે તેવા સળંગ સ્વરૂપે રજૂ હોય ત્યારે આરોપીઓ સામેનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર થયેલ માની શકાય. કોઈ પણ તારણ ઉપર આવતા પહેલા ફરીયાદ પક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાનું ઝીણવટપુર્વક મૂલ્યાંકન કરવું જરૂરી છે.

(૮) ઉપરોક્ત ચર્ચા સંદર્ભમાં સૌ પ્રથમ પ્રસ્તુત કામે આરોપી વિરૂદ્ધના આક્ષેપની હકીકતોના સંદર્ભમાં પ્રોસીક્યુશન તરફે ફરિયાદી સાહેદ રાજદીપસિંહ કીશોરસિંહ જાડેજા નો આંક-૦૯ થી નોંધાયેલ સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને રાખવો ઉચિત જણાય છે. સાહેદે સોગંદ ઉપર જણાવ્યું છે કે,તા.૧૪/૦૬/૨૦૨૫ નાં રોજ અમો તથા ફરીયાદમા જણાવેલ અન્ય સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહી ડ્રાઈવ અંગે પેટોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ખંઢેરા ગામે રહેતા રતનબેન દલપતભાઈ વાઘેલા પોતાના રહેણાંક મકાને દેશી દારુ બનાવવાની તથા વેચાણની પ્રવૃતી કરે છે તેવી હકીકત મળતા ખરાઈ કરતા પ્રવૃતી ચાલુ હોય બે રાહદીરી પંચો બોલાવી પંચો રુબરુ હકીકત વાળી જગ્યાએ રેડ કરતા ત્યાં એક ઈસમ હાજર મળી આવેલ હોય જેનુ પંચો રુબરુ નામઠામ પુછતા પોતે પોતાનું નામ ઉપર મુજબ જણાવેલ પંચો રુબરુ મકાનની જડતી તપાસ કરતા મકાનીની પાછળ પડતર જગ્યામાં એક પ્લાસ્ટીકનો ડબામાં આશરે ૧૦ લી. જેટલુ પ્રવાહી જોવામાં આવેલ સુંધી સુંઘાડી ખાતરી કરતા દેશી દારુ બનાવવાનો કાચો આથો હોય જે એક કાચની બોટલમા સેમ્પલ જેટલો આથો લઈ તેમા પ્રમાણસર મોરથુથુ નાખી કી. રુ. ૦૦/- ગણી પંચનામા ની વીગતે કબજે કરવામા આવેલ તેમજ બાકીનો આથો લીટર 10 હોય જેની કી. રુ.250/- ગણી ડબા સાથે સ્થળ પર નાશ કરેલ. પ્રોહી ક. ૬૫ એફ મુજબ ગુનો કરેલ હોય તે ગુના અંગેની ધોરણસર થવા અમોએ મજકુર સામે ધોરણસર ફરીયાદ આપેલ ફરીયાદ આંક- ૧૦ થી રજુ છે.

(૮.૧) સાહેદની બચાવ પક્ષે ઉલટતપાસ થઈ છે, જેમાં તેમણે સ્વીકાર્યું છે, સરકારી વાહનનો ઉપયોગ કરી તેની નોંધ લોગબુકમાં કરવામાં આવે છે, બનાવ સ્થળ જાહેર જગ્યા છે જયાથી માણસોની સતત અવરજવર વાળો વિસ્તાર છે, તેઓ ફરીયાદ આપતા પહેલા પંચનામુ થઈ ગયેલુ, પંચનામામાં મારી સહી નથી, ફરીયાદ માં પંચો ના નામ સરનામા લખેલ નથી.

(૦૯) પ્રોસીક્યુશન તરફે તપાસ અધિકારી સાહેદ મહેશભાઇ મોહનભાઈ ચાવડા કે જેઓને આ કામે આંક-૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. સાહેદે જણાવ્યું છે કે, આ કામની તપાસ તેઓએ સંભાળી લઇ

આગળની તપાસ કાગળો સાથે તેમણે સંભાળી લીધેલી અને નમુનો એફ.એસ.એલ. તરફ મોકલી, સાહેદોના નિવેદનો લઈ, પુરાવાને અંતે આરોપી વિરૂદ્ધ અદાલતમાં ચાર્જશીટ કરેલું.

(૯.૧) સાહેદે તેમની બચાવ પક્ષે થયેલી ઉલટતપાસમાં એવું સ્પષ્ટ સ્વીકાર્યુ છે કે, પેટ્રોલીંગ દરમ્યાન લોગબુક નીભાવવામા આવતી હોય છે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી, અમે કોઈ જગ્યાએ પેટ્રોલીંગમાં જઈએ તેની નોંધ કયાંય કરેલ નથી, અમોએ આ કામે પેટ્રોલીંગ અંગેનો આધાર આ કામે તપાસમાં રજુ રાખેલ નથી, બનાવાળી જગ્યા રહેણાક વિસ્તાર છે અને ત્યાં માણસો સતત અવર જવર ચાલુ હોય છે, અમોએ તપાસના કામે પોલીસ સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી.

(૧૦) ફરિયાદ પક્ષના કેસની હકીકત મુજબ કથિત મુદ્દામાલ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે લેવામાં આવ્યો હતો. જે હકીકતના સંદર્ભમાં પ્રોસીક્યુશન તરફે પંચ સાહેદ પ્રદીપભાઈ મહેશભાઈ કોટડીયાને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. આ સાહેદ આંક–૧૨ થી રજૂ મુદ્દામાલ રીકવરીના પંચનામાના પંચ સાહેદ છે. આ સાહેદ, પોતે એક લખેલા તૈયાર પંચનામામાં સહી કરી હોવાનું અને તેમની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે લેવાયો નહીં હોવાનું જણાવતા હોઈ તેઓને ફરિયાદ પક્ષની વિનંતીથી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ મુજબ ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવ્યા છે. તેઓની ફરિયાદ પક્ષ દ્વારા ઉલટતપાસ થઈ છે, પરંતુ તેમાંથી પ્રોસીક્યુશનના કેસની હકીકતોને સમર્થનકર્તા કોઈ વિશેષ હકીકતો ફલીત થઈ શકી નથી. જેથી આ સાહેદના પુરાવાને આધારભુત પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. વળી, પ્રોસીક્યુશન તરફે તપાસવામાં આવેલા કોઈ સાહેદોના પુરાવાથી પંચોને સમજ આપતુ પ્રાથમિક પંચનામું કર્યું હોવાનું રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી.

(૧૧) પ્રોસીક્યુશનના ઉપરોક્ત પુરાવાનું, રેકર્ડ ઉપર ઉપલબ્ધ આધારો સાથે સાંકળીને, ગુણદોષ ઉપર મૂલ્યાંકન કરવામાં આવે તો રેઈડ વાળી જગ્યા કે જ્યાં આરોપી હાજર હતા અને ત્યાંથી ફરિયાદ મુજબનો કથિત

મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે, તે સ્થળ અને જે વાસણોમાં મુદ્દામાલ સંગ્રહ કર્યો હતો તે તમામ ચીજવસ્તુઓ આરોપીની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની હતી અને તે આરોપીએ કેફી પદાર્થ ઉત્પાદન કરવાના હેતુથી એકઠા કર્યા હતા; તેવી લેશમાત્ર હકીકત પુરવાર કરવા સબબ તપાસ અધિકારીએ તે દિશામાં કોઈ તપાસ કરી હોય તેવું તેમના સોગંદ ઉપરના પુરાવાથી ફલિત થતું નથી અને રેકર્ડ ઉપરથી પણ તે હકીકત પુરવાર થતી નથી. વળી, બનાવ વાળી જગ્યા રહેણાક જગ્યા હોવા છતાં આજુબાજુમાંથી કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન આ કામે નોંધવામાં આવ્યા નથી.

**(૧૧.૧)** ફરિયાદ પક્ષનો કેસ એવો પણ છે કે, સ્થળ ઉપરથી મુદ્દામાલ કબજે લેવાયો હતો; તેમાંથી નમુનો એકત્ર કરીને એફ.એસ.એલ. માટે મોકલી આપવામાં આવ્યો હતો; પરંતુ રેકર્ડ ઉપર એફ.એસ.એલ. પૃથ્થકરણનો અહેવાલ ઉપલબ્ધ નથી. તેમ છતાં એક તબક્કે ઉપલબ્ધ કરી દેવામાં આવ્યો હોત તો પણ ઉપરોક્ત ચર્ચા કરી તેમ કાયદામાં વ્યાખ્યાયિત કરેલ જોગવાઈના મુળ તત્વો જ જ્યારે ફળિભુત થતાં નથી ત્યારે એફ.એસ.એલ. પૃથ્થકરણ અહેવાલ એકમાત્ર પ્રોસીજરનો ભાગ બની રહ્યો હોત, તેને ગુના સાબિતી માટેના આધારભુત પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાયો ના હોત. આથી વિશેષ હકીકતે જોવામાં આવે તો અગાઉ ચર્ચા કરી તેમ મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું પણ તેના સ્વતંત્ર એવા પંચ સાહેદોના પુરાવાથી પુરવાર થયું નથી. જે તમામ હકીકતો ધ્યાને રાખતા પુરતી ઊંડાણપૂર્વકની તપાસના અભાવે આરોપી વિરૂદ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સદંતર નિષ્ફળ રહ્યો હોવાનું સ્પષ્ટ માનવાને કારણ રહે છે.

**(૧૨)** તમામ રેકર્ડ અને ફરિયાદ પક્ષે રજૂ તમામ સાહેદોના પુરાવાનું કાયદાની પરિભાષામાં મૂલ્યાંકન કરતાં આરોપી વિરૂદ્ધનો કેસ પુરવારમાં ફરિયાદ પક્ષ સદંતર નિષ્ફળ નિવડ્યો હોવાના તારણ ઉપર આ અદાલત આવે છે. ઉપરોક્ત તમામ ચર્ચા અને રેકર્ડ ઉપરની હકીકતોને ધ્યાને રાખતા આ કામે ઉપસ્થિત **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી, **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો **આખરી હુકમ** ફરમાવવામાં આવે છે.

## :: હુકમ ::

1. આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે ગુજરાત પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ ની કલમ–૬૫(એફ) મુજબના શિક્ષાપાત્ર ગુનાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
2. જો આ ચુકાદા વિરૂદ્ધ અપીલ થઈ ના હોય તો, અપીલ સમય પુરો થયા બાદ, આ કામે કબજે લેવાયેલ કિંમતી મુદ્દામાલ પરત્વે વચગાળાનો થયેલ હુકમ કાયમ કરવામાં આવે છે, તે સિવાયના કિંમતી મુદ્દામાલનો ત.ક.અ.શ્રીએ માલીકીની ખાતરી કરીને પરત કરવો, તથા બાકીના બિનકિંમતી મુદ્દામાલ અને પ્રોહીબીટેડ તમામ મુદ્દામાલનો નાશ કરવા આથી હુકમ કરવામાં આવે છે.
3. આ કામના આરોપીઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ ની જોગવાઈઓ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપવા ૬ (છ) માસના સમય માટેના રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૪મી માહે–ઓગ્સ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ – ૨૪/૦૮/૨૦૨૬.
સ્થળ – કાલાવડ

**(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)**
Judge Code : GJ01606
જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ,
કાલાવડ